# Handing over of 10 Broad Gauge Locomotives to Bangladesh

July 27, 2020

## બાંગ્લાદેશને 10 બ્રોડ ગેજ લોકોમોટિવ સોંપવા

જુલાઈ 27, 2020

આજે યોજવામાં આવેલા સોંપણી પ્રસંગમાં, વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર અનને રેલ્વે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા વર્ચ્યુઅલી 10 બ્રોડ ગેજ લોકોમોટિવને બાંગ્લાદેશ જવા માટે લીલી ઝંડી આપવામાં આવી હતી. આ પ્રસંગે રેલ્વેનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી સુરેશ અંગાડીએ હાજરી આપી હતી. બાંગ્લાદેશ તરફથી રેલ્વે મંત્રી મો. નુરુલ ઈસ્લામ સુજાન અને વિદેશ મંત્રી ડૉ. અબ્દુલ કલામ અબ્દુલ મોમેને બાંગ્લાદેશ સરકાર વતી લોકોમોટિવ મેળવ્યા હતા.

ભારત સરકાર તરફથી અનુદાન સહાયતા અંતર્ગત આ લોકોમોટિવની સોંપણી ઓક્ટોબર 2019 માં બાંગ્લાદેશનાં માનનીય વડાપ્રધાન શેખ હસિનાની ભારતની મુલાકાત દરમિયાન કરવામાં આવેલી મહત્વની પ્રતિબદ્ધતા પૂર્ણ કરે છે. બાંગ્લાદેશ રેલ્વેની આવશ્યકતાઓ અનુસાર, આ લોકોમોટિવમાં ભારતીય પક્ષ તરફથી સુયોગ્ય રીતે બદલાવ કરવામાં આવ્યો છે. આ લોકોમોટિવ બાંગ્લાદેશમાં યાત્રીઓની અને માલવહન ટ્રેનની કામગીરીઓની વધતી માત્રાને હાથ ધરવામાં મદદ કરશે.

આ પ્રસંગે ઉદ્બોધન કરતા, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પરસ્પરનાં વિશ્વાસ અને આદર આધારિત સમયની કસોટીમાં પાર ઉતરેલા ભારત-બાંગ્લાદેશનાં જોડાણની ગહનતા પર પ્રકાશ પાડ્યો હતો. તેણે ખુશી વ્યક્ત કરી હતી કે કોવિડ મહામારીએ દ્વિપક્ષીય સહકારની ધીમો પાડ્યો નથી અને કહ્યું હતું કે ચાલું ઐતિહાસિક મુજિબ બર્શોમાં આવા વધું સીમાચિહ્નોની અપેક્ષા રાખી રહ્યા છે.

રેલ્વે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલે દ્વિપક્ષીય વ્યાપાર અને જોડાણમાં વધારો કરવા અને બન્ને દેશો વચ્ચે આર્થિક ભાગીદારી વેગવાન બનાવવા રેલ્વે સહકારની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

તાજેતરનાં સમયમાં, ભારત અને બાંગ્લાદેશે કોવિડ-19 મહામારીની અસર નાબૂદ કરવા તેઓનાં રેલ સહકારમાં પ્રગતિ કરી છે, કારણ કે જમીનની સીમા મારફતનાં વ્યાપારમાં વિક્ષેપોનો સામનો કરવો પડ્યો હતો. ખર્ચની દ્રષ્ટિએ પોસાય તેવા અને પર્યાવરણ માટે સાનુકૂળ ઉકેલ તરીકે રેલ દ્વારા સીમાપાર જીવનજરૂરી માલસામાનનાં પરિવહનમાં મદદ મળી છે. બન્ને પક્ષોએ જુન મહિનામાં માલવાહક ટ્રેનોની સંખ્યામાં સર્વોચ્ચ વધારો જોયો છે. જીવનજરૂરી માલસામાન અને કાચી સામગ્રીઓનું વહન કરવા માટે કુલ 103 માલવાહક ટ્રેનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પાર્સલ અને કન્ટેઈનર ટ્રેન સેવાઓ પણ શરૂ કરવામાં આવી છે. આ દ્વિપક્ષીય વ્યાપારનાં અવકાશમાં નોંધપાત્ર વધારો કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**નવી દિલ્હી**
**જુલાઈ 27, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.